સજાતીય સંબંધોના કાયદામાં ફેરફાર કરવા વિચારણા

નવી દિલ્હી,તા. ૧૨

સજાતીય સેક્સ સંબંધોને અપરાધ તરીકે ગણવાના સુપ્રીમ કોર્ટના ચુકાદાથી દેશભરમાં ભારે હોબાળો મચી ગયો છે. આને લઈને નારાજગી પણ વ્યક્ત કરવામાં આવી છે. સુપ્રીમ કોર્ટના ચુકાદાને લઈને દેખાવો કરવામાં આવી રહ્યા છે ત્યારે હવે સરકાર દ્વારા પણ સુપ્રીમ કોર્ટ દ્વારા સજાતીય સેક્સ સંબંધોને ગેરકાયદે અને અપરાધ સમાન ગણવાના આદેશ મામલે જુદા જુદા વિકલ્પ પર વિચારણા કરી રહી છે. સુપ્રીમ કોર્ટના ચૂકાદાથી કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી પણ નાખુશ દેખાઈ રહ્યા છે. કેન્દ્ર સરકાર તમામ વિકલ્પો પર વિચારણા કરી રહી છે જેમાં સજાતીય સેક્સ સંબંધોને અપરાધ સમાન ગણવાના સુપ્રીમ કોર્ટના

ચૂકાદામાં સુધારણાના સંબધમાં રજુઆતનો પણ સમાવેશ થાય છે. જે વિકલ્પો પર કેન્દ્ર સરકાર વિચારણા કરી રહી છે તેમાં સુપ્રીમ કોર્ટમાં ક્યુરેટિવ અરજી દાખલ કરવાની બાબતનો સમાવેશ થાય છે. કાયદા પ્રધાન કપિલ સિબ્બલે કહ્યુ છે કે સરકાર આઈપીસીની કલમ ૩૭૭ પર દિલ્હી હાઈકોર્ટના ચૂકાદાને પુનઃસ્થાપિત કરવાના તમામ વિકલ્પો પર વિચારણા કરી રહી છે. દિલ્હી હાઈકોર્ટે બીજી જુલાઈ ૨૦૦૯ના દિવસે આઈપીસીની કલમ ૩૭૭માં સજાતીય સેક્સ સંબંધોને અપરાધની મર્યાદામાંથી દૂર કરીને કહ્યું હતું કે કોઈ ગ્રુપ જગ્યાએ સહમતિથી સ્થાપિત સેક્સ સંબંધો અપરાધની શ્રેણીમાં આવતા નથી. જો કે ગઈકાલે સુપ્રીમ કોર્ટે દિલ્હી હાઈકોર્ટના ઐતિહાસિક ચૂકાદાને ફગાવી દઈને કહ્યુ હતુ કે સજાતીય સેક્સ સંબંધો અપરાધ સમાન છે. સિબ્બલે કહ્યુ હતુ કે અમે પુખ્તવયના લોકો વચ્ચે પારસ્પરિક મંજુરી સાથેના સંબંધોને અપરાધરૂપ ગણવામાં ન આવે તે માટે આગળ વધવાના વિકલ્પ પર વિચારી રહ્યા છીએ. નાણાં પ્રધાન પી ચિદમ્બરમ પણ કહી ચુક્યા છે કે સુપ્રીમ કોર્ટનો ચૂકાદો પણ ખોટો છે.

સુપ્રીમ કોર્ટના ચુકાદાને ઉથલાવી શકાય તે માટે તમામ વિકલ્પો પર વિચારણા ચાલી રહી છે. આ ચૂકાદાને ખોટા તરીકે ગણાવીને તેમણે કહ્યુ હતુ કે કોર્ટે આ કેસમાં વર્તમાન સામાજિક અને નૈતિક મુલ્યોની બાબત પણધ્યાનમાં લેવી જોઈએ. સરાકરે ક્યુરેટિવ અથવા સમીક્ષા અરજી દાખલ કરવી જોઈએ અને આ મામલા પર પાંચ જજની બેંચ દ્વારા સુનાવણી થવી જોઈએ. ચિદમ્બરમે એમ પણ કહ્યુ હતુકે દિલ્હી હાઈકોર્ટનો ચૂકાદો ખૂબજ અભ્યાસ પર આધારિત હતો. કેન્દ્ર સરકારે આ ચૂકાદાને સ્વીકારી લીધો હતો અને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો ન હતો. સોનિયા ગાંધીએ કહ્યુ હતુ કે તેઓ હતાશ છે અને તેમને આશા છે કે સંસદ આ દિશામાં આગળ વધશે અને બંધારણીય રીતે લોકોની સ્વતંત્રતાને જાળવી રાખશે સાથે સાથે આ ચૂકાદાથી સીધીરીતે અસર પામેલા લોકો સહિત ભારતના તમામ નાગરિકોને સ્વતંત્રતા મળશે.

સજાતીય સંબંધો અંગત સ્વતંત્રતાનો મામલો છે

સજાતીય સેક્સ સંબંધોના મામલામાં સુપ્રીમ કોર્ટે હાઈકોર્ટના ચૂકાદાને ફગાવી દેતા દેશભરમાં હોબાળો મચેલો છે. સરકારના ટોચના નેતાઓ નારાજગી વ્યક્ત કરી ચૂક્યા છે જેમાં સોનિયા ગાંધીનો પણ સમાવેશ થાય છે. હવે કોંગ્રેસના ઉપપ્રમુખ રાહુલ ગાંધીએ પણ આ વિવાદમાં કૂદી પડીને કહ્યુ છે કે સજાતીય સેક્સ સંબંધનો મામલો અંગત સ્વતંત્રતાનો મામલો છે. આને જાળવી રાખવાની જરૂર છે. રાહુલનું કહેવું છે કે તેઓ દિલ્હી હાઈકોર્ટે આપેલા ચૂકાદા સાથે સહમત છે. દિલ્હી હાઈકોર્ટે બીજી જુલાઈ ૨૦૦૯ના દિવસે આઈપીસીની કલમ ૩૭૭માં સજાતીય સેક્સ સંબંધોને અપરાધની મર્યાદામાંથી દૂર કરીને કહ્યું હતું કે કોઈ ગ્રુપ જગ્યાએ સહમતિથી સ્થાપિત સેક્સ સંબંધો અપરાધની શ્રેણીમાં આવતા નથી.

રાજ્યસભામાં લોકપાલ બિલ પર સોમવારે ચર્ચા

નવી દિલ્હી,તા. ૧૨

કેન્દ્રિય પ્રધાન સુશીલકુમાર શિંદેએ આજે કહ્યુ હતુ કે તાત્કાલિકરીતે રાજ્યસભામાં લોકપાલબિલ હાથ ધરવા માટે પસંદગી સમિતિ દ્વારા નોટિસ આપવામાં આવી ચુકી છે. વડાપ્રધાનની કચેરી(પીએમઓ)માં પ્રધાન વી નારાયણસામીના નેતૃત્વમાં પસંદગી સમિતિએ પહેલાથી જ નોટિસ મોકલી દીધી છે જેમાં રાજ્યસભામાં તાત્કાલિકરીતે આ બિલને હાથ ધરવા માટે કહેવામાં આવ્યુ છે. તેમણે ઉમેર્યુ હતુ કે લોકપાલબિલ રાજ્યસભામાંથી પસાર થઈ ચુક્યુ છે અને રાજ્યસભામાં પહોંચ્યુ છે. રાજ્યસભામાં પસંદગી સમિતિએ આ બિલમાં ૧૩ સુધારાઓની ભલામણ કરી હતી. સરકાર દ્વારા પણ આ સુધારાઓ પર વિચારણા કરવામાં આવી હતી. અગાઉ સંસદીય બાબતોના પ્રધાન કમલનાથે કહ્યુ હતુ કે અમારી પ્રાથમિકતા લોકપાલબિલને પસાર કરવાની છે. કમલનાથે એમ પણ કહ્યુ હતુકે સંસદ સત્રને ટૂંકાવી દેવાની કોઈ પણ યોજના નથી. દરમિયાન રાજ્યસભામાં સોમવારના દિવસેઆ બિલ પર ચર્ચા કરવામાં આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. અગાઉના અહેવાલમાં એવું જણાવવામાં આવ્યુ હતુ કે બિલ પર આવતીકાલે ચર્ચા કરવામાં આવશે. ભ્રષ્ટાચાર વિરોધી બિલમાં અભ્યાસ કરનાર પસંદગી સમિતિના ચેરમેન સત્યવ્રત ચતુર્વેદીએ કહ્યુ છે કે આ બિલ પર સોમવારે ચર્ચા કરવામાં આવશે. ચતુર્વેદીએ પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યુ હતુ કે સરકાર સોમવારે લોકપાલબિલ પર ચર્ચા કરવાની યોજના ધરાવે છે. તેમણે ઉમેર્યુહતુ કે રાજ્યસભાએ સચિવાલયે ચર્ચા માટે છ કલાકની ફાળવણી કરી છે. કમલનાથ અને સરકારના અન્ય પ્રધાનોના નિવેદન બાદ નવી આશા જાગી છે. પસંદગી સમિતિ દ્વારા લોકપાલ બિલમાં ઘણા બધા સુધારા કરવામાંઆવ્યા હતા. સરકારે કેટલાક સુધારા સ્વીકારી પણ લીધા છે. એક વખતે રાજ્યસભામાં સુધારા બિલ પસાર થઈ ગયા બાદ આ બિલને કાયદો બનતા પહેલા મંજુરી માટે લોકસભામાંફરી મોકલવામાંઆવશે.

છત્તીસગઢના મુખ્યમંત્રી તરીકે રમણસિંહની તાજપોશી કરાઈ

રાયપુર,તા. ૧૨

છત્તીસગઢ વિધાનસભાની ચૂંટણીમાં શાનદાર દેખાવ કર્યા બાદ ભારતીય જનતા પાર્ટીના વિધાનસભા પક્ષના નેતા ડોક્ટર રમણસિંહ આજે સતત ત્રીજી વખત રાજ્યના મુખ્યમંત્રી પદના શપથ લીધા હતા. શપથવિધિ કાર્યક્રમમાં ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ રાજનાથસિંહ, વરિષ્ઠનેતા લાલકૃષ્ણ અડવાણી, ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર અને ગુજરાતના મુખ્યમંત્રી

નેરન્દ્ર મોદી, ભાજપના વરિષ્ઠનેતા તથા મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણ, ભાજપ શાસક પ્રદેશોના મુખ્યમંત્રી, ઓરિસ્સાના મુખ્યમંત્રી નવીન પટનાયકની સાથે છત્તીસગઢના પૂર્વ મુખ્યમંત્રી અને કોંગ્રેસના નેતા અજીત જોગી પણ પરિવારની સાથે ઉપસ્થિત રહ્યા હતા. રાજ્યના પોલીસ મહાનિર્દેશક રામનિવાસે કહ્યુ હતુ કે શપથવિધિ કાર્યક્રમને લઈને શહેરમાં મજબુત સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. શપથવિધિને ધ્યાનમાં લઈને બે દિવસ પહેલા જ સુરક્ષા મજબુત કરી દેવામાં આવી હતી. છત્તીસગઢની ૯૦ સભ્યોની વિધાનસભા માટે થયેલી ચૂંટણીમાં ભાજપને ત્રીજી વખત શાનદાર જીત મળી હતી ભાજપને રાજ્યમાં ૪૯ બેઠકો મળી હતી જ્યારે કોંગ્રેસને ૩૯ બેઠકો મળી હતી. એક બેઠક પર બહુજન સમાજ પાર્ટી અને અન્ય એક બેઠક પર અપક્ષ ઉમેદવારે જીત મેળવી હતી. છત્તીસગઢમાં ભાજપે ફરી એકવાર શાનદાર દેખાવ કર્યો છે.

તેલંગાણા રચના લોકસભા ચૂંટણી પહેલા ખૂબ મુશ્કેલ

નવી દિલ્હી,તા. ૧૨

જટિલ તેલંગાણા રાજ્યની રચના લોકસભાની ચૂંટણી પહેલા શક્ય બને તેવી શક્યતા હવે ઓછી દેખાઈ રહી છે. પ્રાપ્ત અહેવાલ મુજબ ઘણી અડચણો હજુ પણ આવી શકે છે. વર્ષ ૨૦૧૪ માટે કોંગ્રેસની ગણતરીનેફટકો પડે તેવી શક્યતા છે. આંધ્રપ્રદેશના વિભાજનને લઈને ઘણી બધી ગૂંચવણ રહેલી છે જે હાલમાં દૂર કરી શકાય તેવી શક્યતા દેખાતી નથી. લોકસભાની ચૂંટણી આડે પણ વધારે સમય રહ્યો નથી. રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજી તેલંગાણા બિલને આંધ્રપ્રદેશ વિધાનસભાને મોકલી શકે છે અને તેમના અભિપ્રાય સાથે આને પરત મોકલી દેવા છ સપ્તાહનો સમય આપી શકે છે. બીજી બાજુ કોંગ્રેસ માટે પણ નવા રાજ્યની રચના માટે ખૂબ ઓછો સમય રહી ગયો છે. આવી સ્થિતિમાં નવા રાજ્યની રચનાને લઈને શ્રેણીબદ્ધ પ્રશ્નો સપાટી ઉપર આવી રહ્યા છે. તેલંગાણાને લઈને વિરોધપક્ષો પણ આક્રમક મૂડમાં દેખાઈ રહ્યા છે. તેલંગાણાની રાજ્યની રચના કરનાર અને વિરોધ કરનાર જુદા જુદા વર્ગો છે. કેન્દ્રીય કેબીનેટે પાંચમી ડિસેમ્બરના દિવસે ૧૦ રાજ્યો સાથે તેલંગાણા માટે રાજ્યની દરખાસ્તને મંજૂરી આપી હતી. પરંતુ સ્થાનિક નેતાઓમાં વ્યાપક નારાજગી દેખાઈ રહી છે. યુપીએના સભ્યો તેલંગાણાને લઈને આક્રમક છે. પરંતુ વિરોધ અકબંધ છે. વોટ એન્ડ એકાઉન્ટ મેળવવા સરકાર માટે આગામી મહીને બોલાવવામાં આવનાર બજેટ સત્રમાં આ બિલ લાવવાની શક્યતા બહુ ઓછી છે. આ બિલ હાથ ધરી શકાશે કે કેમ તેને લઈને ગૂંચવણ છે.

તેલંગાણાનો વિરોધ સતત થઈ રહ્યો છે. કોંગ્રેસ અને ભાજપ બંને પોતપોતાની વ્યૂહરચના ઘડવામાં વ્યસ્ત છે. કોંગ્રેસ રાજ્યના મુદ્દા ઉપર તેલંગાણાની ૧૯ લોકસભાની સીટો ઉપર સપાટો બોલાવવા આશા ધરાવે છે. આંધ્રપ્રદેશના તેના નુકસાનને ઘટાડવા માગે છે. તેલંગાણાની હિલચાલને લઈને પક્ષની ગણતરી ચાલી રહી છે. સીમાંદ્ર પ્રદેશ, વાયએસઆર કોંગ્રેસ આક્રમક મૂડમાં છે.

એલપીજી સિલિન્ડર પર ૬૩૦ રૂપિયાની સબસીડી મળે છે

નવી દિલ્હી,તા. ૧૨

કેપીએમજીમાં પાર્ટનર (ટેક્સ) નવીન બલોદિયાનું કહેવું છે કે બેંક ખાતામાં જમા થનાર સબસીડીને આવક તરીકે માની શકાય છે અને તેના પર ટેક્સ લાગી શકે છે. જો આવી સ્થિતિ સર્જાશે તો સબસીડી ઘટી જશે. તેમનું કહેવું છે કે સબસીડી બે પ્રકારની હોય છે. જેમાં કેપીટલ સબસીડી અને રેવેન્ય સબસીડી. કેપિટલ સબસીડી એસેટ મેળવવા માટે આપવામાં આવે છે જ્યારે રેવેન્ય સબસીડીનો ઉપયોગ દરરોજની ગતિવિધિ માટે હોય છે. જે કંપનીને રેવેન્ય સબસીડી મળે છે તેમને ટેક્સ ચૂકવવાની જરૂર પડે છે. દાખલા તરીકે કોલકાતા પોર્ટ ટ્રસ્ટને કેન્દ્ર સરકાર તરફથી કરોડો રૂપિયા મળે છે અને તે આ સબસીડી ઉપર ટેક્સ ચૂકવે છે આ સમયે એલપીજી સિલિન્ડરની કિંમત ૧૦૫૦ રૂપિયા છે અને સરકાર ૬૩૦ રૂપિયાની સબસીડી આપે છે. આ વર્ષની શરૂઆતમાં આ સબસીડી કન્ઝ્યુમરના બેંક ખાતામાં જમા કરવામાં આવનાર છે. એક વર્ષમાં મળતા નવ સિલિન્ડરો ઉપર કુલ ૫૬૭૦ રૂપિયાની સબસીડી મળશે. જો ગ્રાહક ૩૦ ટકાના ટેક્સ બ્રેકેટમાં આવશે તો સબસીડીવાળી રકમ ઉપર વાર્ષિક ટેક્સ આશરે ૧૭૦૦ રૂપિયા થઈ શકે છે અલબત્ત જેમની આવક કરપાત્ર નથી તેમના ઉપર કોઈ અસર થશે નહીં. એલપીજી પર સબસીડીને લઈને ઘણી ગૂંચવણો હજુ દૂર કરી શકાઈ નથી.

મિગ-૨૧ની જગ્યાએ હવે તેજસ વિમાન હશે

શિલોંગ,તા.૧૨

ભારતીય હવાઈદળના વડા એરચીફ માર્શલ એનએકે બ્રાઉને આજે કહ્યુ હતુ કે લાઈટ કોમ્બેટ વિમાન તેજસ આઈકોનીક મિગ-૨૧ની જગ્યા લેશે મિગ-૨૧ વિમાનો હવે ઈતિહાસ બનવા જઈ રહ્યા છે. તેજસ ભારતના પ્રથમ સ્વદેશીરીતે તૈયાર કરવામાં આવેલા હળવા યુદ્ધવિમાનછે. મહત્વપૂર્ણ તબક્કો પસાર થઈ ચુક્યો છે. હવે એરફોર્સમાં નવા વિમાનોના સમાવેશ પર નજર કરવામાં આવી રહી છે. એલસીએ

મિગ-૨૧ની જગ્યા લેશે. બ્રાઉને ઈસ્ટર્ન એર કમાન સાથે પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યુ હતુકે અમે ૪૦ વિમાન મેળવીશું જે માર્ક-૧ ટાઈપના હશે. તેજસ ૨૦૧૪ના અંત સુધી સંપૂર્ણપણે તૈયાર થઈ જશે. બ્રાઉનની સાથે કાર્યક્રમમાં તેમના પત્ની કિરણ પણ ઉપસ્થિત રહ્યા હતા. પશ્ચિમ બંગાળમાં કલાઈ કુંડા એરબેઝ ખાતે કાર્યક્રમમાં મિગ-૨૧ વિમાનો નજરે પડ્યા હતા. મિગ-૨૧ છેલ્લી વખત ઉડાણભરી હતી. યુદ્ધમાં મિગ-૨૧ વિમાને યાદગાર ભૂમિકા ભજવી છે.

વસુન્ધરા રાજેના આજે મુખ્યમંત્રી તરીકે શપથ

નવી દિલ્હી,તા. ૧૨

ભારતીય જનતા પાર્ટીના વિધાનસભા પક્ષના નેતા વસુંધરા રાજે આવતીકાલે રાજસ્થાનના મુખ્યમંત્રી તરીકેના શપથ લેશે. સત્તાવાર સૂત્રોના જણાવ્યા મુજબ રાજ્યપાલ માર્ગારેટ આલ્વા રાજેને મુખ્યમંત્રી તરીકેના શપથ લેવડાવશે.

રાજેના શપથવિધિ સાથે સંબંધિત કાર્યક્રમ વિધાનસભાની સમક્ષ જનપથ પર યોજાશે. આની તમામ તૈયારીઓ પરિપૂર્ણ કરી લેવામાં આવી છે. ભાજપના પ્રવક્તા કૈલાશભટ્ટના જણાવ્યા મુજબ રાજેના શપથવિધિ કાર્યક્રમમાં ભાજપના અધ્યક્ષ રાજનાથસિંહ, ભાજપ તરફથી વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદી, છત્તીસગઢના મુખ્યમંત્રી રમણસિંહ તથા મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શિવરાજસિંહ પણ ઉપસ્થિત રહેશે. પક્ષના સૂત્રોના જણાવ્યા મુજબ રાજે ઉપરાંત અન્ય પ્રધાનમંડળના સભ્યો શપથ લેશે નહીં. પ્રધાન મંડળની રચના અંગેનો નિર્ણય રાષ્ટ્રીય નેતાગીરી સાથે વાતચીત કરવામાં આવ્યા બાદ લેવામાં આવશે.

ભાજપ, ટીઆરએસ તેમજ ટીડીપી જોડાણ કરી શકે

નવી દિલ્હી,તા. ૧૨

તેલંગાણાના મુદ્દે કોંગ્રેસના નેતૃત્વમાં યુપીએ સરકારને ભીષમાં લેવા માટે જુદા જુદા રાજકીય પક્ષોની ગણતરી શરૂ થઈ ચૂકી છે. લોકસભાની ચૂંટણી આંડે ગણતરીના દિવસો છે ત્યારે એવા સમીકરણો પણ ઉપસી રહ્યા છે જેમાં ભાજપ, ટીડીપી અને તેલંગાણા રાષ્ટ્રીય સમીતિ જોડાણ કરીને આ મુદ્દે એક મંચ ઉપર આવી શકે છે. કોંગ્રેસ પાર્ટી તેલંગાણાની ૧૯ લોકસભા બેઠક ઉપર જીત મેળવવા માટે વ્યૂહરચના ધરાવે છે પરંતુ આ વખતે તેલંગાણાને લઈને સ્થાનિક પક્ષોમાં નારાજગી દેખાઈ રહી છે. તેલંગાણાના હિતના મામલે વિશ્વાસઘાત કરવામાં આવ્યો છે તેવી બાબત લોકોમાં ફેલાયેલી છે. હૈદરાબાદનો મુદ્દો પણ જટિલ બનેલો છે આવી સ્થિતિમાં આગામી ચૂંટણી ખૂબ જ મહત્વપૂર્ણ રહેશે. કેન્દ્ર સરકાર આ મામલામાં સાવધાની રાખવા માગે છે. તેલંગણાની રચના કરવાનો રાજકીય નિર્ણય ૩૦મી જુલાઈના દિવસે કોંગ્રેસ કારોબારી સમીતિ દ્વારા લેવાયો હતો.

કોલસા બ્લોક કેસ : પારેખની સીબીઆઈ પૂછપરછ કરશે

નવી દિલ્હી,તા. ૧૨

એફઆઈઆર દાખલ કર્યાને આશરે બે મહિના બાદ સીબીઆઈએ પૂછપરછ માટે ભૂતપૂર્વ કોલસા સચિવ પીસી પારેખને

બોલાવવાનો નિર્ણય કર્યો છે. સીબીઆઈના સૂત્રોએ કહ્યું છે કે પારેખની આ મહિનામાં નવી દિલ્હીમાં આકરી પૂછપરછ કરવામાં આવનાર છે. આદિત્ય બિરલા ગ્રૂપના હિંદાલ્કોને તાલીબિરા-૨ કોલસા બ્લોકની ફાળવણીના નિર્ણયનો વડાપ્રધાનની ઓફિસ દ્વારા બચાવ કરવામાં આવ્યો છે. સીબીઆઈએ સંયુક્ત સાહસ હેઠળ કરવામાં આવેલી ફાળવણીની પ્રક્રિયાની ચકાસણી કરી હતી. પીએમઓ દ્વારા ફાળવણીનો બચાવ કરીને જણાવવામાં આવ્યું હતું કે અંતિમ નિર્ણય યોગ્ય હતો અને મેરીટના આધાર ઉપર લેવામાં આવ્યો હતો. સીબીઆઈએ એફઆઈઆરમાં અન્ય કેટલાક લોકોના નામનો પણ ઉલ્લેખ કર્યો હતો. સીબીઆઈએ આરોપી તરીકે પારેખની સાથે હિંદાલ્કો ઈન્ડસ્ટ્રી લિમિટેડના નામનો પણ ઉલ્લેખ કર્યો હતો. કેસમાં કુમાર મંગલમ બિરલાને પણ આરોપી બનાવવામાં આવ્યા હતા. એફઆઈઆરમાં સીબીઆઈએ આક્ષેપ કર્યો હતો કે પારેખે તેમના પોતના નિર્ણયને બદલી નાંખીને બિરલા કંપનીની તરફેણ કરી હતી. સીબીઆઈએ આક્ષેપ કર્યો હતો કે બિરલાની કંપની હિંદાલ્કો ઈન્ડસ્ટ્રી લિમિટેડ દ્વારા તારાબિરા-૨ કોલસા બ્લોકની ફાળવણી માટે અરજી કરી હતી. એનએલસી દ્વારા પણ રજૂઆત કરવામાં આવી હતી. ફાળવણીના સમયે હિંદાલ્કોના નામને ફગાવી દઈને પારેખે જુદી જુદી અરજીઓની ચકાસણી કરી હતી. સીબીઆઈનું કહેવું છે કે ઉદ્યોગપતિ બિરલાએ સંબંધિત સત્તાવારાઓને બે જુદા જુદા પત્રો લખ્યા હતા. તેઓએ ફાળવણીના સંબંધમાં વિનંતી કરી હતી. કમીટિએ આ પત્રો કોલસા મંત્રાલયને આપ્યા હતા. સીબીઆઈએ આક્ષેપ કર્યો છે કે પારેખે સમીતિની ભલામણોની અવગણના કરી હતી. સંયુક્ત સાહસના મામલામાં સીબીઆઈએ ઊંડી ચકાસણી કરી હતી.

રાહુલ ગાંધીનું વિમાન દુર્ઘટનાગ્રસ્ત થતાં બચ્યું

નવી દિલ્હી,તા.૧૨

નવી દિલ્હીના ઈન્દીરા ગાંધી આંતરરાષ્ટ્રીય વિમાની મથક ઉપર કોંગ્રેસના નાયબ અધ્યક્ષ રાહુલ ગાંધીનું વિમાન દુર્ઘટનાગ્રસ્ત થવાથી સહેજમાં બચી જતાં ભારે ભાગદોડ મચી ગઈ હતી. રનવે ઉપર આમને સામને વિમાનો આવી ગયા હતા.

રાહુલ ગાંધીનો સહેજમાં બચાવ થયો હતો. સમગ્ર મામલામાં તપાસનો આદેશ આપી દેવામાં આવ્યો છે. રાહુલ ગાંધીનું વિમાન રન-વે ઉપર ઉભેલા બીજા વિમાનથી ટકરાતાં સહેજમાં રહી ગયું હતું. બરેલીથી પરત ફરી રહેલા રાહુલ ગાંધીના ખાનગી બિઝનેસ જેટ વિમાનને રન-વે ઉપર બીજા વિમાન ઊભા રહેવાના કારણે ઉતરાણ કરવાથી છેલ્લી ઘડીએ રોકી દેવામાં આવ્યું હતું. વિમાનને ઉતરવા માટે સિંગ્નલ આપી દેવામાં આવ્યું હતું. રાહુલનું વિમાન ઉતરવા જઈ રહ્યું હતું ત્યારે એર ટ્રાફિક કંટ્રોલે પાઈલોટને બીજી વખત ટેકઓફ કરવા માટે કહ્યું હતું. સારી બાબત એ રહી હતી કે પાઈલોટ વિમાનને યોગ્ય સમયે ટ્રેક ઓફ કરાવવામાં સફળ રહ્યો હતો જેથી દુર્ઘટના ટળી ગઈ હતી. રાહુલ ગાંધી બરેલીથી દિલ્હી તરફ આવી રહ્યા હતા. સમગ્ર મામલામાં તપાસ હાથ ધરવામાં આવી ચૂકી છે. ડીજીસીએ દ્વારા આ મામલામાં તપાસનો આદેશ અપાયો છે.

લઘુકથા (પાના નં. ૪ નું ચાલુ)

સાસરાં પક્ષવાળા માને છે કે તેમના દીકરાનું અવસાન મારે લીધે થયું છે તેથી ત્યાંનો દરવાજો બંધ થઇ ગયો છે, આમ એકલી અટુલી હું, મારી તબિયત બગડે તો કોણ મારી મદદે આવે? તારાં આશીર્વાદને લીધે, હું એકલી ઠોવા છતાં આટલાં વર્ષો કાઢ્યા. હવે કુદરત તેમજ શરીર સાથ આપતું નથી તેથી તારી પાસે આવવા માટેનો આ એક જ માર્ગ છે. હું આશા રાખું છું કે તારા આશીર્વાદ મળશે." પ્રાર્થના પૂર્ણ કર્યા પછી, બાલ્કની પાસે આવેલ બારી નજીક જાય છે ત્યાં પવનને લીધે, અચાનક બારીનું બારણું ભટકાય છે અને કોઇનો ધીમો અવાજ પવનની લહેર સાથે સંભળાય છે જે શાંતિથી સાંભળતાં, તેના મમ્મીનો અવાજ હોય તેમ લાગે છે. વૃંદા મમ્મીને સાંભળી રહી છે અને મમ્મી કહે છે કે "મારી વ્હાલી દીકરી, તને આજે આશું સૂઝ્યું છે. બાળપણમાં તારી નિડરતા માટે મને માન હતું અને આટલાં વર્ષો પછી તારી નિડરતા ક્યાં ગઇ? ભગવાને જીવન આપી, આ સૃષ્ટિમાં કંઇક કરવા માટે મોકલ્યા છે જે તું કરી શકે તેમ છે કારણ કે તારી પાસે સમય પૈસા તથા શક્તિ છે જેનો તું ભરપૂર ઉપયોગ કરી શકે તેમ છે તે તું જાણતી નથી? માટે ઊભી રહે, ખરાબ વિચારો મનમાંથી કાઢી નાખ અને તારા જેવી ત્યક્તા, નિર્બળ, છૂટાછેડા લીધેલ તેમજ અપરણિત પુત્રી/સ્ત્રીઓના ઉત્થાન માટે કશુંક કરવા તૈયાર થા, મારા અંતરના આશીર્વાદ છે કે તું નારીનાં ઉત્થાન માટે જરૂરથી સફળ થઇશ." આ અવાજ ધીરે ધીરે ઓછો થતાં ગયાનું, વૃંદાને હવે ભાન થાય છે. વૃંદા હવે બે પગથિયાં પીછેહઠ કરે છે, ટેબલ ઉપર મુકેલ તેણે લખેલ કાગળ ફાડી નાખે છે ત્યારે રાત્રિનાં બરોબર ૧૨ થયા હોવાથી નિદ્રાધીન થાય છે. બીજે દિવસથી ભાવનગરની મહિલા મંડળો દ્વારા કરવામાં આવતી પ્રવૃત્તિની માહિતી મેળવે છે. ગામમાં તથા શહેરમાં નારીના ઉત્થાન માટેની પ્રવૃત્તિ દ્વારા શેષ જીવન વ્યતિત કરી રહે છે. નારી જગત માટે વૃંદાનું જીવન "સ્ત્રી શક્તિની મહાનતા"નું જીવતુ જાગતું દૃષ્ટાંત છે.

સમાચાર ઝલક

- ♥ બીગ બોસ સીરીયલ વિવાદમાં સપડાઈ.
- ♥ વડોદરામાં મહિલાઓ માટે સુરક્ષા સેતુ અભિયાન.
- ♥ પોરબંદર હાવડા ટ્રેનમાં ૨૦ લાખની લુંટ, વડોદરાના મુસાફરો લુંટાયા.
- ♥ આમ પાર્ટીના શ્રી અરવિંદ કેજરીવાલની નાદુરસ્ત તબિયત.
- ♥ શનિવારથી કિરણ બેદી અણ્ણા બજારે સાથે અનશનમાં જોડાશે.
- ♥ રાજકોટ મહાનગરપાલિકાના કર્મચારીઓ હડતાળ પર.
- ♥ સમાજવાદી પાર્ટી લોકપાલ બીલનો વિરોધ કરશે.
- ♥ તરસાલીમાં આઈ.ટી.આઈ. રૂમમાં સ્લેબ તૂટતાં વિદ્યાર્થીનું મોત.
- ♥ અણ્ણા હજારેના ઉપવાસમાં વિવિધ કાર્યકરો જોડાયા-વધુ મળતો ટેકો.
- ♥ મુંબઈમાં મૃત્યુ પામ્યાનું જાહેર થયા બાદ ૧૨ કલાકે જીવંત થયાનો બનાવ.
- ♥ આદિવાસીઓની જમીન દબાવી લેવા બાબતે પૂર્ણિયામાં હંગામો : પોલીસનો બંદોબસ્ત ગોઠવાયો.
- ♥ ઉત્તર પ્રદેશમાં આતંકીઓ સામે કેસ પાછા ખેંચવા માટે હાઈકોર્ટની મનાઈ.
- ♥ જુનાગઢના ખેડૂતોએ લોકાયુક્તમાં ફરિયાદ નોંધાવી.
- ♥ સૂરતમાં નિવૃત્ત આચાર્યએ છેડતી કરી.